# ACPC એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્ષીસ (ટેકનીકલ)

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ધો. ૧૨ પછીનાં ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ (B.H.T.M.) અને ડિપ્લોમા પછી ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ (ત્રીજા સેમેસ્ટરમાં સીધા પ્રવેશ) અભ્યાસક્રમમાં ઓફલાઈન

## પ્રવેશ કાર્યક્રમ : પ્રવેશ વર્ષ ૨૦૨૨

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રવેશ પાત્રતા ધરાવતા ધો.૧૨ પછીના ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ(BHTM) અને ડિપ્લોમા પછી ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે પ્રવેશ વર્ષ ૨૦૨૨ દરમ્યાન ઓફલાઈન પ્રવેશ કાર્યવાહી કરવાનું નક્કી કરેલ છે. જેની કાર્યવાહી અગામી તા. ૦૬/૦૭/૨૦૨૨ના રોજ શરૂ થનાર છે. માર્ગદર્શન માટે પ્રવેશ સમિતિના ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન નંબરઃ ૦૭૯-૨૬૫૬૬૦૦૦ ઉપર આપ સંપર્ક કરી શકો છો.

**પ્રવેશ યોગ્યતાઃ ધો.૧૨ પછીના ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ (BHTM) અભ્યાસક્રમ** માટે ધોરણ ૧૨ની પરીક્ષા કુલગુણના ૪૫ % (અનામત વર્ગના ઉમેદવારો માટે ૪૦ %) કે તેથી વધુ અને માન્ય બોર્ડ પૈકી કોઈપણ એક જ બોર્ડમાંથી તમામ વિષય ઉતીર્ણ થયેલ હોય તેવા ઉમેદવારો.

**પ્રવેશ યોગ્યતાઃ ડિપ્લોમા પછી ડિગ્રી હોટેલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ (ત્રીજા સેમેસ્ટરમાં સીધા પ્રવેશ)** માટે AICTE ના પ્રવર્તમાન નિયમો અન્વયે ડિપ્લોમા હોટેલ મેનેજમેન્ટની પરીક્ષામાં પરીક્ષા કુલગુણના ૪૫% (અનામત વર્ગના ઉમેદવારો માટે ૪૦%) કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવી જોઈએ.

સદર કાર્યવાહી માટે જરૂરી Application Form (અરજીપત્રક) www.jacpcldce.ac.in ઉપર ઉપલબ્ધ છે. આ Application Form (અરજીપત્રક)ની પ્રિન્ટ લઈ જરૂરી માહિતી ભરીને અરજીપત્રકમા દર્શાવ્યા મુજબના જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા ACPC-GTERS, Payable at Ahmedabadના નામનો રૂ. ૩૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (Non-Refundable) જોડી નીચે દર્શાવ્યા મુજબના સરનામા ખાતે **તા. ૦૬/૦૭/૨૦૨૨ થી ૦૬/૦૮/૨૦૨૨** દરમ્યાન ટપાલ કે કુરિયરથી જમા કરાવવાના રહેશે. ઓફલાઈન કાઉન્સેલિંગ દરમ્યાન ઉમેદવારે તેમના અસલ પ્રમાણપત્રો ફરજીયાતપણે ચકાસણી માટે પ્રસ્તુત કરવાના રહેશે અન્યથા તેમનું નામ પ્રવેશ યાદીમાંથી કમી કરવામાં આવશે. પ્રવેશ અરજી જમા કરાવ્યા બાદના આગળના કાર્યક્રમ જેવા કે મેરીટ અને ઓફલાઈન કાઉન્સેલિંગ તેમજ પ્રવેશ યોગ્યતા, પ્રવેશ માટે ઉપલબ્ધ સંસ્થા તેમજ બેઠકો માટેની વિગતો સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in/d2dph.asp ઉપર જાહેર કરવામાં આવશે જેની લાગુ પડતા સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

**અરજી મોકલવાનું સરનામુંઃ એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ, એલ.ડી. કોલેજ ઓફ એન્જીનીયરીંગ,નવરંગપુરા અમદાવાદ- ૩૮૦૦૧૫**

**તા. ૦૫/૦૭/૨૦૨૨** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પલાઈન નંબરઃ ૦૭૯-૨૬૫૬૬૦૦૦ (૨૪X૭)**